BUSINESS મિત્ર

સતત ચોથા દિવસે આઇટી શેરોમાં તેજીથી બજારમાં પોઝિટિવ વલણ

નિફ્ટીએ 23100ની સપાટી કુદાવી, રોકાણકારોને 82000 કરોડની કમાણી થઇ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 16: ભારતીય શેરબજારમાં સતત ચોથા દિવસે આઇટી શેરોમાં તેજી જોવા મળતા છેલ્લા બે ટ્રેડિંગ સેશનથી શેરબજારમાં પોઝિટિવ વલણ જોવાયું હતું. નિફ્ટીએ 23100 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આજે બ્રોડર માર્કેટમાં પણ પોઝિટિવ વલણ રહ્યું હતું. જેના લીધે રોકાણકારોને રૂ. 82000 કરોડની કમાણી થઇ છે.

સેકટર વાઇઝ જોઇએ તો બજારમાં ફરી એકવાર આઇટી સેકટરનો મજબૂત ટેકો મળ્યો હતો. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 4 ટકા ઉછળ્યો હતો. બેન્ક શેરોએ પણ મજબૂત વાપસી કરી, જેનાથી બજારને ટેકો મળ્યો. નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેકસ નુકશાનમાંથી બહાર આવ્યો અને અડધા ટકા વધુ વધ્યો, જ્યારે નિફ્ટી પ્રાઇવેટ બેન્ક ઇન્ડેક્સ પણ વધારો થયો હતો. નિફ્ટી મેટલ ઇન્ડેકસ એક ટકા વધ્યો હતો. જ્યારે એફએમસીજી અને ફાર્મા સેકટરમાં ઘટાડો નોંધાયો છે. બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 471 લાખ કરોડથી વધીને 472 લાખ કરોડ થયું છે. બીએસઇ સેન્સેક્સ 413.66 પોઇન્ટ એટલે કે 0.56 ટકા વધીને 74729.27 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74778 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74012 પોઇન્ટ ઘટ્યો હતો. નિફ્ટી 148.80 પોઇન્ટ એટલે કે 0.65 ટકા ઉછળીને 23100 પોઇન્ટની સપાટી કુદાવીને 23146.15 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23149 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22913 પોઇન્ટ સુધી ઘટી હતી.

બેન્ક નિફ્ટી 33.50 પોઇન્ટ એટલે કે 0.06 ટકા વધીને 55844 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે બોમ્બે બર્માંમાં 217.43 ગણા, આઇટીસી હોટલ્સમાં 12.13 ગણા, ટેક મહિન્દ્રામાં 5.63 ગણા, ઇન્ટરનેશનલ ગેમોલોજીકલમાં 5.06 ગણા, સીસીએલ પ્રોડકટસમાં 4.45 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એચબીએલ એન્જીનીયરીંગમાં 37.82 ગણા, સીસીએલ પ્રોડકટસમાં 11.42 ગણા, કરૂર વૈશ્ય બેન્કમાં 5.53 ગણા અને ટેક મહિન્દ્રામાં 5.44 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ જોવાયું હતું. નિફ્ટી મિડકેપ ઇન્ડેકસ 0.09 ટકા ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઇન્ડેકસ 0.06 ટકા વધ્યો હતો. માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. એનએસઇ ખાતે 2131 શેરો વધ્યા હતા, જ્યારે 1422 શેરો ઘટ્યા હતા અને 116 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 3.93 ટકા વધ્યો છે. જેમાં ટેક મહિન્દ્રા, વિપ્રો, ટીસીએસ, ઇન્ફોસીસ, એલટીએમ, એમફાસીસ, ઓરેકલ ફાઇ. સર્વિસીસ સોફ્ટવેર, કોફોર્જ, એચસીએળ ટેકનો વધ્યા હતા.

રૂપિયો વધુ મજબૂત થઇ 95ની નીચે આવ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 16: કરન્સી બજારમાં રૂપિયો વધુ મજબૂત જોવા મળ્યો હતો. જેના લીધે રૂપિયો મજબૂત થઇને 95ની નીચે સરક્યો હતો. ડોલરની સામે રૂપિયો 10 પૈસા વધુ મજબૂત થઇને 94.96ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.06ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.69, પાઉન્ડ 126.61, કેનેડિયન ડોલર 66.87, ઓસ્ટ્રેલિયન ડોલર 66.47, જાપાનીઝ યેન 0.6010 અને સીંગાપોર ડોલર 74.18ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.96 રૂ.
યુરો	106.96 રૂ.
પાઉન્ડ	126.61 રૂ.
યેન	0.6010 રૂ.

ઇન્ડોનેશિયન શેરબજારમાં 1998 બાદનો સૌથી મોટો એક દિવસીય કડાકો

નવી દિલ્હી, તા. 16: આજે ઇન્ડોનેશિયાના બજાર બ્લેક ફ્રાઇ ડે બની ગયો હતો. શેરબજાર ખુલતાની સાથે જ ક્રેશ બોલાઇ ગયું હતું. જકાર્તા સ્ટોક એક્સચેન્જ કમ્પોઝિટ 11 ટકા તૂટી ગયો હતો, જે 1998 પછી ઇન્ડોનેશિયા શેરબજારમાં આ સૌથી મોટો એક દિવસીય ઘટાડો છે. બીજી તરફ, ભારત અને એશિયન બજારોમાં મજબૂત ઉછાળો જોવા મળ્યો હતો. ઇન્ડોનેશિયા શેરબજારમાં ઘટાડો એમએસસીઆઇની ચેતવણીના કારણે થયો છે. એમએસસીઆઇએ ચેતવણી આપી છે કે, ઇન્ડોનેશિયા તેનો ઉભરતો બજારનો દરજ્જો ગુમાવી શકે છે અને તેને વૈશ્વિક શેરબજાર સુચકાંકોમાંથી પણ દૂર કરી શકાય છે. એમએસસીઆઇની અચાનક જાહેરાતથી ઇન્ડોનેશિયાના શેરબજારોમાં ભારે વેચવાલી શૂરૂ થઇ, જેના કારણે દક્ષિણ પુર્વ એશિયાના સૌથી મોટા અર્થતંત્રમાંથી ભંડોળનું પલાયન થવાની સંભાવના છે. આજરોજ જકાર્તા કમ્પોઝિટ ઇન્ડેક્સ છ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. જાન્યુઆરી 1998 પછી ઇન્ડોનેશિયાના શેરબજારમાં આ સૌથી મોટો એક દિવસનો ઘટાડો હતો. 1998ના એશિયન નાણાકીય કટોકટી દરમ્યાન ઇન્ડોનેશિયાના શેરબજારોમાં મટો ઘટાડો થયો હતો.

સેન્સેક્સ	413.66	74729.27
નિફ્ટી	148.80	23146.15
બેન્ક નિફ્ટી	33.50	55844.00

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	8.48	1790.00
ટીસીએસ	4.89	2465.00
ઇન્ફોસીસ	4.61	1161.20
ભારતી એરટેલ	2.75	1905.00
મહિન્દ્રા-મહિન્દ્રા	2.07	2920.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	1.91	4686.90
બીએસઇ લિ.	1.90	3363.00
મેક્સ હેલ્થકેર	1.40	846.00
ટાટા કન્ઝ્યુમર	1.27	978.90
જિયો ફાઇનાન્સીયલ	1.26	216.25

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	8.45	1788.00
ટીસીએસ	4.61	2463.00
ઇન્ફોસીસ	4.55	1161.60
ભારતી એરટેલ	2.86	1905.00
મહિન્દ્રા-મહિન્દ્રા	2.38	2920.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	2.23	4688.95
રિલાયન્સ	1.09	1210.00
એશિયન પેઇન્ટસ	1.00	2333.00
ભારત ઇલે.	0.71	377.10
આઇટીસી	0.66	263.00

દિવાળી તથા નૂતન વર્ષનાં શુભમુહૂર્તો સંવત ૨૦૮૨-૨૦૮૩

દશેરા - મંગળવાર, તા. ૨૦/૧૧/૨૦૨૬

શુભ સમય સવારે 9.40 થી 12.45 સુધી, બપોરે 2.15 થી 3.45 સુધી, સાંજે 7.25 થી 9

પુષ્ય નક્ષત્ર - રવિવાર, તા. ૦૧/૧૧/૨૦૨૬

સંવત ૨૦૮૨ના આસોવદ - ૭ રવિવાર ભાનુ સપ્તમી શુભદિવસ છે. આદિવેસ પુષ્ય નક્ષત્ર શુભ છે. ચોપડા નોંધાવવા સોનુ-ચાંદી-મુદ્રા ખરીદવા વિ. શુભ કાર્ય માટે મળશ્કે ૫.૫૧ થી પ્રારંભ થાય છે. સવારે ૫ થી ૬ કલાક સવારે ૮.૧૦ થી ૧૨.૪૧ સુધી બપોરે ૨.૧૦ થી ૩.૪૫ સુધી સાંજે ૬.૧૦ થી ૭.૪૦ રાત્રે ૭.૪૦ થી ૧૦. ૪૫ સુધી. મોડીરાત્રે ૧.૪૦ થી ૨.૫૦ સુધી.

રમા એકાદશી (અગિયારસ) - વાક્ બારસ ગૌવત્સદ્વાદશી ગુરૂવાર, તા. ૦૫/૧૧/૨૦૨૬

આસો વદ -૧૧ અને બારસ ભેગી તિથિ છે. સવારે ૧૦.૪૦ સુધી અગિયારસ અને પછી વાક્ બારસ.

ધનતેરસ -ધન્વંનતરી જયંતિ - શુક્વાર, તા. ૦૬/૧૧/૨૦૨૬

શ્રી ધનપૂજા લક્ષ્મીપૂજન, શ્રી મહાલક્ષ્મી પૂજા હવન વિગેરે કાર્ય, સોના ચાંદી ખરીદી માટે સારું. આસો વદ ૧૩ સવારે ૧૦.૪૦ પછી ધનતેરસતિથી પ્રમાણે થાય છે. શુભ સમય સવારે ૧૦.૫૦ થી ૧૧.૩૫ સુધી ૧૨.૪૦ થી ૨.૧૫ સુધી સાંજે ૫.૧૦ થી ૬.૧૦ સુધી. ગૌરજ સમય - સાંજે ૬.૨૯ થી ૭.૫ સુધી. રાત્રે ૮.૫૫ થી ૧૦.૨૫ સુધી રાત્રે ૧૧.૫૦ થી ૪.૨૫ સુધી બીજે દિવસે શનિવારે સવારે ૧૦.૪૭ સુધી ધનતેરસ તિથિ છે. પ્રદોષ યુક્ત શુક્વાર શુભ.

કાળી ચૌદસ - શનિવાર, તા. ૦૭/૧૧/૨૦૨૬

આસોવદ ૧૩ શનિવાર, સવારે ૧૦.૫૦ પછી કાળી ચૌદસ થાય છે. જે રવિવારે ૧૧.૩૧ સુધી ચૌદસ તિથિ છે. શ્રી હનુમાનજીની પૂજાપાઠ-શ્રી હનુમાનજીના મંદિરે પૂજા દર્શન કરવા, શ્રી હનુમાનજીના મંદિરથી લીંબુ -મરચા પૂજા કરેલા ઘર-દુકાન-ફેકટરી ઓફિસ વિ. જગ્યાએ લગાવવાથી અશુભ દૃષ્ટિ નકારાત્મક શક્તિ વિ. નિવારણ થાય છે. શ્રી મહાકાલી માતાની પૂજાહવન વિગેરે કરવાથી વિરોધી શત્રુ-અવરોધ દૂર થાય. આ દિવસે દર મહિનાની શિવરાત્રી છે. શ્રી મહાદેવજીની પૂજા-અભિષેક-રુદ્રી પાઠ વિ. કરવા શુભ આરોગ્ય માટે સારું.

શુભ દીપાવલિ - રવિવાર, તા.૦૮/૧૧/૨૦૨૬

આસો વદ - ૧૪ પરંમ અમાસ દિપાવલી અભ્યંગસ્નાન સ્વાતિનક્ષત્ર યુક્ત શુભ છે. શારદા પૂજન-શ્રી લક્ષ્મીપૂજન ચોપડા પૂજન વિ. શુભકાર્ય માટે શુભ સમય સવારે ૧૧.૩૧ પછી દિવાળી થાય છે. જે સોમવારે બપોરે ૧૨.૩૧ સુધી દિપાવલી તિથી પહોંચે છે. શુભ સમય સવારે ૧૧.૩૨ થી ૧૨.૪૦ સુધી બપોરે ૦૨.૧૦, ૦૩.૪૦ સુધી સાંજે ૦૬.૧૦ થી ૧૦.૪૮ સુધી શુભ અમૃત ચોઘડીયા સાથે શુભ પ્રદોષ કાળ યુક્ત છે. સાંજે ૬.૫૩ થી ૦૭.૫૨ સુધી વૃષભ લગ્ન શુભ છે. ૧૧.૩૦ થી ૧૨.૪૮ સુધી નિશીથકાળ સાથે શુભ છે. મોડીરાત્રે ૧.૫૦ થી ૨.૩૦ સુધી. સોમવાર તા. 09-11-2026ના રોજ શુભ સમય સવારે 6.45 થી 8.15 સુધી 9.25 થી 11 સુધી. ગોર્વધન પૂજા સોમવતી અમાસ બપોરે 12.32 સુધી, પછી પડવો.

નૂતન વર્ષ (બેસતું વર્ષ) - મંગળવાર, તા. ૧૦/૧૧/૨૦૨૬

સંવત ૨૦૮૩ કારતક સુદ એકમ મંગળવાર, વિક્રમ સંવતકાલયુક્ત સંવત્સર - મહાવીર જૈન સંવત્સર - ૨૫૫૩ નવા વર્ષે દર વર્ષના નિયમ પ્રમાણે મુર્હત દુકાન-ઓફિસ-ફેકટરી-કંપની વિગેરે માટે શુભ સમય સવારે ૯.૨૫ થી બપોરે ૨.૦૦ કલાક સુધી પછી ૩.૩૦ થી ૫.૧૦ સુધી.

ભાઇબીજ - બુધવાર, તા. ૧૧/૧૧/૨૦૨૬

સંવત ૨૦૮૩ કારતક સુદ બીજ - શુભ છે. વિંછુડો બેસે. તા.૧૦-૧૧-૨૦૨૬ વિંછુડો મોડી રાત્રે ૨.૫૦ થી ૧૨-૧૧-૨૦૨૬ ગુરૂવારે બપોરે ૨.૨૧ ઉતરે છે.

લાભ પાંચમ - શનિવાર, તા. ૧૪/૧૧/૨૦૨૬

શુભમૂર્હત માટે-શુભદિવસ છે. સવારે ૮.૧૦ થી ૯.૪૦ બપોરે ૧૨.૩૭ થી ૪.૫૫ સુધી સાંજે ૬.૦૦ થી ૭.૩૦ અને રાત્રે ૯.૦૦ થી ૧૨.૧૫ સુધી.

શ્રી જલારામ જયંતી - સોમવાર, તા. ૧૬/૧૧/૨૦૨૬

શુભ દિવસ છે.

અક્ષય નોમ - ગુરૂવાર, તા. ૧૯/૧૧/૨૦૨૬

નવમી વૃદ્ધિ તિથિ છે. શ્રી રંગનાથ જયંતિ (નારેશ્વર). શ્રી હરિ જયંતિ, શુભ દિવસ છે.

દેવઊઠી એકાદશી - શનિવાર, તા. ૨૧/૧૧/૨૦૨૬

એકાદશી ક્ષય તિથિ છે. પ્રબોધિની ભાગવત એકાદશી છે.

દેવ દિવાળી - મંગળવાર, તા.૨૪/૧૧/૨૦૨૬

કારતક સુદ - પૂનમ તુલસી વિવાહ સમાપ્ત પુષ્કર મેળો (અજમેર રાજસ્થાન) શ્રી ગુરુનાનક જયંતિ છે.

ધનારક કમુહૂર્તા

તા.૧૬/૧૨/૨૦૨૬ સવારે ૧૦.૨૫ થી તા. ૧૪/૦૧/૨૦૨૭ રાત્રે ૯.૧૯ સુધી પછી ધનુર માસ સમાપ્તિ

હોળાષ્ટક

તા. ૧૫/૦૩/૨૦૨૭ થી સોમવારે સવારે ૧૦.૫૨ થી તા. ૨૨/૦૩/૨૦૨૭ સુધી સાંજે ૪.૧૫ ઊતરશે.

નોંધ : - સંવત ૨૦૮૨ના વિજ્યાદશમી -દશેરા તા. ૨૦/૧૦/૨૦૨૬ મંગળવારે છે. શરદ પૂર્ણીમા આસો સુદ પૂનમ ૨૫/૧૦/૨૦૨૬ રવિવાર.

જોષી યોગેશ ભાલચંદ્ર ત્રિવેદી (શાહપોરવાળા) સુરત

કલમ- 270A ની પેનલ્ટીને પડકારી શકાય?

અગાઉ આપણે પેનલ્ટી અંગે વિસ્તૃત ચર્ચા કરી છે પરંતુ આ લેખમાં કેટલાક કરદાતા તરફી ચૂકાદાઓ અંગે છણાવટ કરીશું જેમાં આ.વ. 2017-18 થી અમલી આ કલમ- 270A ની પેનલ્ટીની જોગવાઇમાં ટેકનીકલ કારણોસર પેનલ્ટી રદબાતલ થઇ છે જેમાં મુખ્યત્વે પેનલ્ટી ક્યા પેટા ક્લોઝ માં લગાડેલી છે એનો ઉલ્લેખ નથી એ કારણસર પેનલ્ટી રદ થઇ છે. આવી ગંભીર પ્રકારની પેનલ્ટી કે જેને કલમ- 270A (9) ના વિવિધ ગુનાઓ સબબ લગાડી છે જેમાં કરદાતા ખોટી અથવા ગેરમાર્ગે દોરનાર રજૂઆત (Misreporting) અંતર્ગત અને 200% પેનલ્ટીને પાત્ર છે. આવી ગેરરજૂઆતના કિસ્સાઓ પૈકી હકીકત છુપાવવી, ચોપડે રોકાણ દર્શાવવું નહિ, ખોટા ખર્ચાઓ નાખવા, ખોટી ચોપડે એન્ટ્રીઓ પસાર કરવી, આવકની એન્ટ્રી છુપાવવી, વિદેશના વ્યવહારો દર્શાવવા નહિ વગેરે આ લીસ્ટ ફાયનલ છે. જો આ છ ગુનાઓમાંથી એકમાં પેનલ્ટી લગાડવામાં આવે તો એ સંદર્ભે ટેક્ષના 200% પેનલ્ટી લાગશે.

કોર્ટોના ચૂકાદાઓ

કોર્ટોના વિવિધ ચૂકાદાઓનો અભ્યાસ કરતાં પહેલાં જોઇશું કે આવકવેરા અધિકારી દ્વારા એસેસમેન્ટ ઓર્ડર તથા પેનલ્ટી ઓર્ડરમાં અછડતો ઉલ્લેખ થાય છે કે પેનલ્ટી કલમ- 270A(9) મુજબ ગેરરજૂઆત સંદર્ભે છે પરંતુ ઉપરોક્ત છ પૈકી ક્યા ગુના



સંદર્ભે છે એનો ઉલ્લેખ નથી તેથી કરદાતાને રજૂઆતની યોગ્ય તક મળતી નથી એ કારણસર કોર્ટોએ ઠરાવ્યુ કે પેનલ્ટીના છ પ્રકારમાંથી કોઇ એકનો પણ ઉલ્લેખ નહિ હોવાથી ફક્ત ગેરરજૂઆતના નામ માત્ર ઉલ્લેખ થી આવી પેનલ્ટી માફી અરજી થી વંચિત રાખી શકાય નહિ.

મુંબઇ ટ્રિબ્યુનલ

મુંબઇ ટ્રિબ્યુનલે મનિષ મનોહરદાસ અસરાનીના કેસમાં એવું ઠરાવ્યુ કે આવકવેરા અધિકારીએ સંદિગ્ધ (Vague) નોટીસ ઇસ્યુ કરી છે જેમાં ગેરરજૂઆત ઉપરાંત પૈકી ક્યા પ્રકારમાં પડે છે એની સ્પષ્ટતા નથી. ટ્રિબ્યુનલે જેના માર્કેટીંગ એન્ડ એસોસીએટના કોઓર્ડિનેટ બેંચના ચુકાદાનો આધાર લીધો હતો જેમાં બેંચે દિલ્હી હાઇકોર્ટના સ્નાઇડર ઇલેક્ટ્રીક સાઉથ ઇસ્ટ એશિયાના ચુકાદાનો આધાર લીધો હતો. અંતમાં ટ્રિબ્યુનલે પેનલ્ટી ઓર્ડર રદ કર્યો હતો.

અપીલ

કલમ- 246A માં આ અંગે અપીલનુ પ્રાવધાન છે જે મુજબ પેનલ્ટી ઓર્ડરને સીધો પડકારી શકાય અથવા પેનલ્ટી અંગેની માફી અરજી રિજેક્ટ ઓર્ડરને પણ પડકારી શકાય. જો કરદાતા મૂળ આકારણીમાં થયેલ એડિશનોને પડકારવા માંગતા હોય અને પેનલ્ટી માફીમાં સમય વ્યય થયો હોય તો કમિશ્નર (અપીલ્સ) સમક્ષ વિલંબ માફીની અરજી કરી શકશે.

બે અઠવાડિયામાં હવાઈ ભાડા અંગેના નિયમો જાહેર થશે

ખાનગી એરલાઇન્સ મનસ્વી રીતે હવાઇ ભાડાં નક્કી કરતી હોવાની જનહિતની અરજી પર સુપ્રીમના નિર્દેશ પર સરકારનો જવાબ

મુંબઈ, તા. 16 : કેન્દ્ર સરકારે હવાઈ ભાડાના નિયમોને આખરી ઓપ આપ્યો છે, જેને બે અઠવાડિયામાં જાહેર કરવામાં આવશે. ખાનગી એરલાઇન્સ દ્વારા મનસ્વી રીતે ભાડા નક્કી કરવા પર રોક લગાવવા અને સ્પષ્ટ માર્ગદર્શિકાઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને 16 નવેમ્બર સુધીમાં હવાઈ ભાડાના નિયમોને આખરી સ્વરૂપ આપીને રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ શુક્વારે કોર્ટને જણાવ્યું હતું કે નિયમોને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને તેને વહીવટી મંજૂરી પણ મળી ગઈ છે. સરકાર આગામી બે અઠવાડિયામાં આ નિયમો જાહેર કરશે. કોર્ટ સામાજિક કાર્યકર એસ. લક્ષ્મીનારાયણન દ્વારા દાખલ કરવામાં આવેલી એક જનહિત અરજી (PIL) પર સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ખાનગી એરલાઇન્સ મનસ્વી રીતે હવાઈ ભાડાં નક્કી કરે છે, જેના કારણે ટિકિટના ભાવમાં મોટો તફાવત જોવા મળે છે. "આ અરજીમાં ખાનગી એરલાઇન્સ દ્વારા મનસ્વી રીતે ભાવ નક્કી કરવા પર રોક લગાવવા માટે સ્પષ્ટ નિયમો ઘડવાની અને તે નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે એક નિયમનકારી સંસ્થાની સ્થાપના કરવાની માંગ કરવામાં આવી છે." સુપ્રીમ કોર્ટે આગામી સુનાવણી 16 નવેમ્બરે કરશે અને સરકારને તે તારીખ સુધીમાં અંતિમ નિયમો તેની સમક્ષ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. ઓગસ્ટ મહિનામાં થયેલી સુનાવણી દરમિયાન, સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો હતો કે જે એરલાઇન્સ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહી હોય, તેમની કામગીરી અટકાવી દેવામાં આવે. તે સમયે, સરકારે અદાલતને જણાવ્યું હતું કે હવાઈ ભાડાને નિયંત્રિત કરવા માટેના નિયમો ત્રણ અઠવાડિયાની અંદર આખરી કરી દેવામાં આવશે.

વધતા જતા બળતણના ભાવને કારણે સસ્તા વિમાન ભાડા મુશ્કેલ બને છે

15 ઓક્ટોબરના રોજ, નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ કહ્યું હતું કે સરકાર ઇચ્છે છે કે વિમાન ભાડા સસ્તા રહે, પરંતુ ઉડ્ડયન ટર્બાઇન ફ્યુઅલ (ATF) ના ભાવમાં તીવ્ર ફેરફાર આને મુશ્કેલ બનાવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, સરકાર આ મુદ્દા પર તેલ માર્કેટિંગ કંપનીઓ અને એરલાઇન્સ સાથે ચર્ચા કરી રહી છે.

સપ્ટેમ્બરમાં બેરોજગારી દર ઘટીને પાંચ ટકા થયો

નવી દિલ્હી, તા. 16: ભારતમાં બેરોજગારી દર સપ્ટેમ્બરમાં વાર્ષિક ધોરણે ઘટાડો નોંધાયો છે. જે 5.2 ટકાથી ઘટીને 5 ટકા પર પહોંચી ગયો છે. એનએસઓના ડેટા અનુસાર સપ્ટેમ્બર 2026માં દેશમાં 15 વર્ષ કે તેથી વધુની ઉંમરના લોકો માટે બેરોજગારી દર 5 ટકા પર સ્થિર રહ્યો હતો. પીએલએફએસ મુજબ ઓગસ્ટ 2026ની સરખામણીએ સપ્ટેમ્બર 2026માં બેરોજગારી દરમાં કોઇ ફેરફાર થયો નથી.

સ્પર્ધાનું સ્વાગત છે પણ ભારતીય કાયદા સૌને લાગુ પડે છે: રિલાયન્સ

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઇ): ભારતના સેટેલાઇટ કોમ્યુનિકેશન માર્કેટ મુદ્દે વિદેશી ઉદ્યોગપતિ ઇલોન મસ્ક દ્વારા કરાયેલી જાહેરમાં ટીકાઓ પર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે શુક્વારે પોતાનું મૌન તોડ્યું છે.

મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તે સ્ટારલિંક સહિતની તમામ સ્પર્ધાનું સ્વાગત કરે છે, પરંતુ ભારતમાં કામ કરતી દરેક કંપનીએ દેશના કાયદા અને નીતિઓનું પાલન કરવું જ પડશે.

મસ્કના આરોપોનો સત્તાવાર જવાબ આપતાં કંપનીએ ઉમેર્યું હતું કે, રિલાયન્સ ક્યારેય સ્પર્ધાથી ડરી નથી. વર્ષ 2016માં જિયોએ ઝીરો ગ્રાહક સાથે ટેલિકોમ ક્ષેત્રે પ્રવેશ કર્યો હતો અને આજે 53 કરોડથી વધુ ગ્રાહકોનો વિશ્વાસ જીત્યો છે. ભારતમાં રોકાણ અને નવીનતા માટેના દ્વાર હંમેશા ખુલ્લા છે અને આ વ્યવસ્થા કાયદાના શાસન પર આધારિત છે. જે રીતે વિદેશી કંપનીઓ મંજૂરીઓની રાહ જોઈ રહી છે,

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ દીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ફ્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૦૫૯૦
તેજાબી સોનું	૧૫૦૫૦૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૩૦૬૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૭૫૮૦
સોનાનાં બિસ્કીટ	૧૫૦૫૯૦૦
ચાંદી (૯૯૯)	૨૧૫૮૦૦
ચાંદી સિક્કા	૨૧૭૩૦૦

પશ્ચિમ રેલવે

મુંબઈ ડિવિઝન પર 'ઓલ વ્હીલ્સ પે એન્ડ પાર્ક'નું સંચાલન

ડિવિઝનલ રેલવે મેનેજર, વાણિજ્યિક વિભાગ, પાર્કિંગ સેકશન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008.

ઓકશન કેટલોગ નંબર: BCT-PKG-2627-24 | ઇએમડી: બોલી મૂલ્યના 10%

ઈ-હરાજીની તારીખ: 28-10-2026 | ઈ-હરાજીનો સમય - બપોરે 3.00 વાગ્યે

ક્રમ	સ્ટેશન	સ્થળ	ક્ષેત્રફળ (ચોરસ મીટર)	ઈ-હરાજીની તારીખ
1	મલાડ	પૂર્વ	564.55	28-10-2026
2	નાલાસોપારા	ઉત્તરપશ્ચિમ	729.05	28-10-2026
3	ગોરેગાંવ	પૂર્વ	336.66	28-10-2026
4	દહાણુ રોડ	ઉત્તરપૂર્વ	538	28-10-2026
5	દોંડાઈચા	દક્ષિણ મધ્ય	946	28-10-2026

નોંધ: વધુ વિગતો માટે, સંભવિત બોલી લગાવનારાઓને આઈઆરઈપીએસ (IREPS)ની વેબસાઇટ www.ireps.gov.in પર ઈ-ઓકશન લીગિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. સ્થળો અંગેની માહિતી ઉપર જણાવેલ કેટલોગમાં લોટ વિગતોમાં ઉપલબ્ધ છે. 0715

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/Western